લીગલ કે કાનૂની ઓમ્બડસમેન (Ombudsman)

# મદદરૂપ બનવા અહીંયા છીએ

જો તમને તમારા વકીલ વિષે કોઈ ફરિયાદ કરવી હોય તો તમારે શું કરવું જોઈએ

કાનૂની ફરિયાદો માટે મદદરૂપ બનવા અમે અહીંયા છીએ

અમે શું કરીએ છીએ?

તમારા માટે જે વકીલોએ કામકાજ કર્યુ હોય તેઓને ફરિયાદનો ઉકેલ લાવવામાં મદદરૂપ બનવા અમે અહીંયા છીએ પણ અમે ફકત ત્યારેજ મદદરૂપ બની શકીએ જો તમે તેઓને તમારી ફરિયાદ કરી હોય તો.

અમારી સેવા – સર્વિસ મફત કે વિનામૂલ્યે મળી રહે છે

અમે નિષ્પક્ષ કે સ્વતંત્ર હોવાથી, અમે કોઈનો પક્ષ લેતા નથી. અમે કંઈ અદાલત-કોર્ટના કોઈ ભાગ નથી, અને અમે વકીલો માટે કામ કરતા નથી. કોઈ વાજબી કે ન્યાયી પરિણામ મેળવવા અમે તમારી ફરિયાદની હકીકત-ઘટનાની તપાસ કરીશું.

જો અમારા વિચાર મૂજબ અમને એવું લાગે કે વકીલોએ કંઈક અયોગ્ય કે ખોટુ કર્યુ છે તો વસ્તુ- સ્થિતિને યોગ્ય કરવા અમારી પાસે હક- અધિકાર હોય છે. પણ સૌ પ્રથમ તમારે તમારી ફરિયાદ તમારા વકીલને કરવાની જરૂર રહે છે.



LEGAL OMBUDSMAN

અમે શેના માટે મદદરૂપ બની શકીએ?

એવી ઘણી બધી ફરિયાદો હોય છે કે જેની અમે તપાસ કરતા હોઈએ છીએ.

જેમકે તમારા વકીલે તમારી સાથે કેવી રીતે કર્યું છે તે વિષે જો તમને સંતોષ ન હોય:

- તમારા માટે પેરોલ કે શરતી- મુદતી છુટ્ટી માટે કેવી રીતે વ્યવહાર કર્યો છે
- વ્યક્તિગત હાનિ- ઈજાના કલેમ અથવા ક્લિનિકલ બાબતમાં અવગણના કે બેપરવાઈ કરવાની બાબતમાં કામકાજ કરવા વિષે
- ક્રાઈમ કે ગુનાની સુનાવણીમાં કોઈ પરિણામનો (પ્રોસીડઝ) ઉકેલ લાવવામાં
- કોર્ટ- અદાલતમાં તમારું પ્રતિનિધિત્વ કરવામાં
- સજા અથવા ગુનાની સાબિતી વિરુધ્ધની અપીલ પ્રત્યે ધ્યાન આપવામાં
- તમને ટ્રેન્સફર અથવા ફરીથી વર્ગીકરણ કરવાની (કેટિગોરિઝેશન) બાબતમાં મદદરૂપ બનવા માટે
- વીલ કે વસિયતનામુ અથવા કુટુંબ- પરિવાર અથવા બાળકોના વાદ- વિવાદોની બાબતમાં વ્યવહાર કરવામાં

કોર્ટ- અદાલતે જે કંઈ નિર્ણય કર્યો હોય તેમાં અમે તપાસ કરતા નથી, ફકત- કેવળ જે તમારા વકીલે કર્યું હોય તેમાં. જો અમે તમને મદદરૂપ બની ન શકીએ તો તમને કદાચ કોણ મદદરૂપ બને તેની અમે માહિતી આપી શકીએ.

અમે તમને જેલમાંથી (પ્રિઝન) બહાર લાવી ન શકીએ અથવા તમારી સજા (સેન્ટન્સ) ઉથલાવી (ઓવરટર્ન) અથવા ઓછી કરી ન શકીએ.

કોણ ઓમ્બડસમેનનો (Ombudsman) ઉપયોગ કરી શકે?

અમારી સેવા- સર્વિસ લગભગ દરેક માટે ખુલ્લી હોય છે. કોઈ એક ગુનેગાર તરીકે (અપરાધી, રિમાન્ડ ઉપરના, સિવિલ કેદીઓ (પ્રિઝનર્સ), યુવાન ગુનેગારો, અને

ઈમિગ્રેશનની અટકાયતમાં (ડિટેન્શન) રાખવામાં આવેલ લોકો), તમે અમારી સેવાનો ઉપયોગ કરવા યોગ્યતા ધરાવો છો.

## અમારી સાથે કોણે સંપર્ક કરવો જોઈએ?

જો તમે પોતે, અમારી સાથે સંપર્ક કરો તો તે સર્વશ્રેષ્ઠ કહેવાય. પણ અમે માનીએ છીએ કે ઘણીવખત આ સરળ કે સહેલુ હોતુ નથી. કોઈ એક વ્યક્તિ તમારા માટે ફોન કરી શકે, જેમકે પરિવારના કોઈ એક સભ્ય અથવા મિત્ર, પણ અમારે તપાસ કરવાની રહેશે કે તમારા માટે વાતચીત કરવા તમે સહમત થયા છો.

જો તમે કોઈ એક વ્યક્તિને તમારા માટે વાતચીત કરવા માટે નાણા આપો તો, તેની ચૂકવણી તેઓને તમારે પોતાને કરવાની રહેશે.

## ફરિયાદ કેવી રીતે કરી શકાય

### કદમ- પગલુ (સ્ટેપ) 1. તમારા વકીલને જણાવો

જો કોઈ સમસ્યા હોય અથવા કોઈ પણ હકીકત- બીના કે વસ્તુ- સ્થિતિ વિષે તમને સંતોષ ન હોય તો, તમારે સૌ પ્રથમ તમારા વકીલને જણાવવાની જરૂર રહે છે કે તેનો ઉકેલ કાઢવા તેઓ પાસે કોઈ અવકાશ હોય.

તેઓને જણાવો કે શકય હોય તેટલી જલદીથી તમને ફરિયાદ કરવાની ઈચ્છા છે. વધારે લાંબા સમય સુધી છોડી દેશો નહિ.

જો તમને તમારા વકીલનો સંપર્ક સાધવામાં કોઈ સમસ્યાઓ હોય અને હવે પછી શું કરવું તે વિષે કોઈ માહિતી ન હોય તો, કૃપા કરી અમારો સંપર્ક કરો.

કદમ- પગલુ 2. હકીકત કે બાબતનો ઉકેલ લાવવા તમારા વકીલને પૂરતો સમય આપો.

હકીકત- બાબતનો ઉકેલ લાવવા તમારા વકીલને આઠ અઠવાડિયાઓનો સમય આપો.

જો આઠ અઠવાડિયાઓ બાદ તમને હજી પણ સંતોષ ન થાય તો જલદીથી અમને જણાવો. આનું કારણ એ હોય છે કે કોઈ ફરિયાદ કરવા સમય મર્યાદા હોય છે.

કદમ- પગલુ 3. અમને ફરિયાદ કરો

તમારા વકીલ સાથે હકીકત- બીનાનો ઉકેલ કાઢવાનો પ્રયત્ન કર્યા બાદ શકય હોય તેટલી જલદીથી અમને જણાવો

જો તમને તેઓના છેવટના જવાબ કે પ્રતિભાવથી અસંતોષ રહે તો, અમને ફરિયાદ કરવા માટે તમારી પાસે ફકત છ મહિનાનો સમય હોય છે

જો તમે અમને જણાવશો તો તે મદદરૂપ રહેશે:

- તમારા વકીલનું નામ અને સરનામું
- તમને ફરિયાદ છે તે તેઓને પ્રથમવાર જણાવ્યાની તારીખ
- તમે જે સમસ્યા વિષે ફરિયાદ કરી રહયા હોય તે જયારે તમે પ્રથમ વખત જાણ્યાની તારીખ
- તે વિષે તેઓએ તમને શું કહયું તે.

કોઈ પણ મૂળ- કે અસલ દસ્તાવેજો કે કાગળની કારવાઈ અમને મોકલશો નહિ કારણકે એકવખત અમને તે મળ્યા પછી બધાજ દસ્તાવેજોનો નાશ કરવામાં આવે છે.

## ત્યાર પછી શું થશે?

શું ન્યાયી કે વાજબી છે તે વિષે દરેક સાથે સહમતી મેળવી મોટા ભાગની ફરિયાદોનો ઉકેલ જલદીથી તપાસ લાવવામાં આવે છે. જો જરૂર જણાય તો અમે સમસ્યાની વધારે વિગતવાર તપાસ કરીએ છીએ, પણ આ માટે વધારે સમય લાગે.

જો અમને એવું લાગે કે તમારા વકીલો સારા અને પૂરતા રહ્યા નથી, તો અમે તેઓને વિનંતી કરી શકીએ:

- તમને તેઓ દિલગીરી દર્શાવે
- તમને જોઈતી માહિતી આપે અથવા તમારી માલિકીના દસ્તાવેજો તમને આપે
- તમારા માટે વધારે કાર્ય કરે
- જો તમે પોતે તેઓને નાણા ચૂકવ્યા હોય તો, તેઓ તમને થોડાંક- અમુક અથવા બધાજ નાણા પાછા આપે
- જો તમે હારી ગયા હોય અથવા તમારી સાથે ખરાબ વર્તાવ કરવામાં આવ્યો હોય તો તમને અમુક નાણા આપે. આ કદાચ £50,000 સુધી હોઈ શકે પણ સામાન્યરીતે તે £250 કે તેનાથી થોડાંક ઓછા હોય છે.

## અમારી સાથે કેવી રીતે સંપર્ક કરી શકાય

અમને લખો:

Legal Ombudsman PO Box 6167
Slough, SL1 0EH

કૃપા કરી નોંધ કરશો કે નિયમ- રૂલ 39 અમને કવર કે આવરી લેતુ ન હોવાથી, તમારો પત્રવ્યવહાર સુગમતા માટે ખાનગી- કોન્ફિડેન્શ્યલ માર્ક કરશો.

અમને ફોન કરો:

0300 555 0333
સવારના 8.30 – સાંજના 5.30
આવા કોલ્સ મફત થતા નથી – તે માટે તમારે તેના નાણા ચૂકવવાના રહે છે. તમે આ નંબર તમારી પીન (PIN) ઉપર મૂકવામાં આવે તેની તમે વિનંતી કરી શકો.

અમારો મિનિકોમ નંબર છે:

0300 555 1777
સવારના 8.30 – સાંજના 5.30

જો તમારું પ્રિઝન કે જેલખાનુ પ્રિઝનર સર્વિસ ઈમેઈલનો ઉપયોગ કરે તો અમે આ રીતે કદાચ તમારો સંપર્ક કરવાની પસંદગી કરીએ.

જો તમને આ માહિતી બીજી ભાષામાં, મોટા છાપેલા અક્ષરોમાં, અંધલિપિ (બ્રેઈલ) અથવા ઓડિઓ CD ઉપર જોઈતી હોય તો, કૃપા કરી સંપર્ક કરો.



LEGAL OMBUDSMAN